શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કોમર્સ કૉલેજ
(બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ - ગુજરાત વિદ્યાસભા સંચાલિત)
હેન્ડલુમહાઉસ સામે, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : (૦૭૯) ૨૬૫૮ ૯૯૬૧
prin.hkcc@gmail.com : www.hkcommerce.in

૧૩૬/૨૧-૨૨

## બી.કોમ. (સેમેસ્ટર-૧)ના ગુજરાત યુનિવર્સિટીની પ્રથમ મેરીટ યાદી મુજબ પ્રવેશ મેળવવા અંગે અગત્યની નોટીસ

## વર્ષ : ૨૦૨૧-૨૨

- બી.કોમ. સેમેસ્ટર-૧માં ગુજરાત યુનિવર્સિટીની પ્રથમ મેરીટ યાદી મુજબ પ્રવેશ પાત્રતા ધરાવનાર વિદ્યાર્થીઓએ નીચે જણાવ્યા મુજબના આધારો સાથે કાર્યાલયના પ્રવેશદ્વાર પાસે ભાઇઓ અને બહેનોએ અલગથી વ્યવસ્થિત લાઇનમાં ઉભા રહીને પોતાનો વારો આવે ત્યારે કાર્યાલયમાં મળવું.
- બી.કોમ. સેમેસ્ટર-૧ના પ્રવેશ સમયે પ્રવેશ મંજૂર કરાવવા નીચે મુજબના બિડાણો રજુ કરવાના રહેશે.
  ૧. ઓનલાઈન ફી ભર્યાનું અસલ ચલણ
  ૨. એલાટમેન્ટ લેટર બે નકલ જેમાંથી એક નકલ પોતાની પાસે રાખવી (પ્રથમ રાઉન્ડનો) તેમજ રજીસ્ટ્રેશન ફોર્મ
  ૩. ધોરણ-૧૦ અને ૧૨ની તમામ પ્રયત્નની માર્કશીટની નકલ
  ૪. ધોરણ-૧૨ના શાળા છોડયા અંગેના પ્રમાણપત્રની (લીવીંગ સર્ટીફીકેટ) નકલ
  ૫. ધોરણ-૧૨ની પરીક્ષા જેટલા પ્રયત્ને પાસ કરી હોય તેના ટ્રાયલ સર્ટીફીકેટની નકલ
  ૬. એસ.સી, એસ.ટી, બક્ષીપંચ, ઈબીસી અને EWS સર્ટીફીકેટના જરૂરી આધારો (બક્ષીપંચ અને ઈબીસી કેટેગરીના વિદ્યાર્થીઓએ નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટની નકલ મુકવી. (તા.૦૧-૦૪-૨૦૧૯ તેમજ તે પછીની તારીખનું નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ જ માન્ય રાખવામાં આવશે.)
- ઉપરોકત આધારો ક્રમાનુસાર સ્ટેપલર પીનથી જોડીને જમા કરાવ્યા બાદ એલાટમેન્ટ લેટર (પ્રથમ રાઉન્ડનો) પર ક્રમ નંબર મેળવ્યા બાદ કાઉન્ટર છોડવું.

### ખાસ નોંધ :

કોલેજ તરફથી જયારે વિદ્યાર્થીઓને બોલાવવામાં આવે ત્યારે કોલેજના પ્રવેશ ફોર્મ સાથે ધોરણ-૧૨ની અસલ માર્કશીટ, તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફસ તેમજ તફાવતની ફીની રકમ ઓનલાઈન ભરવાની રહેશે. જે અંગેની સુચના અલગથી કોલેજની વેબસાઈટ www.hkcommerce.in પર મુકવામાં આવશે. જે વિદ્યાર્થી ધોરણ-૧૨ની અસલ માર્કશીટ તેમજ તફાવતની ફીની રકમ જમા નહી કરાવે તેમનો પ્રવેશ ફાઈનલ ગણવામાં આવશે નહી. ધોરણ-૧૨ની અસલ માર્કશીટ જમા કરાવતા પહેલાં તેની ઓછામાં ઓછી ૧૦ (દસ) ઝેરોક્ષ પોતાની પાસે રાખી મુકવી.

- ઉપરોકત પ્રથમ રાઉન્ડની કાર્યવાહી તા.૨૫-૦૯-૨૦૨૧ થી તા.૨૯-૦૯-૨૦૨૧ સુધી બપોરના ૧૨-૦૦ થી ૩-૦૦ના સમયગાળામાં કરવામાં આવશે. (રવિવાર સિવાય)
- જે વિદ્યાર્થીઓને પ્રથમ મેરીટમાં આ કોલેજ ફાળવવામાં આવી હોય તેઓએ અવશ્ય ઉપરોકત કાર્યવાહી કરવાની રહેશે. અન્યથા તેઓનો પ્રવેશ અંગેનો હકક માન્ય રહેશે નહીં.
- કોલેજના વર્ગો શરુ થવા અંગેની તેમજ અન્ય સુચનાઓ માટે કોલેજની વેબસાઈટ www.hkcommerce.in સમયાંતરે જોતાં રહેવું.

અમદાવાદ
તા.૨૫-૦૯-૨૦૨૧

(એચ.કે.કોમર્સ કોલેજ * અમદાવાદ *)

૨૫/૦૯/૨૦૨૧
આચાર્ય
એચ.કે.કોમર્સ કોલેજ
અમદાવાદ-૯